| PUBLICATION NAME : | Sandesh(City Life) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 26/07/24 |
| PAGE : | 4 |

# મલ્ટિ ટાસ્કિંગ મહિલાઓમાં ઉદ્યોગ સાહસિકતાનું જોમ જગાવવામાં આવ્યું

## EDIIએ રાષ્ટ્રીય મહિલા આયોગ સાથે મળી '૧૦૦ આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ પ્રોગ્રામ' યોજીને દેશની મહિલાઓને પગભર કરી

**સિટી લાઈફ ।** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(EDII) અને રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW) દ્વારા '૧૦૦ આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલાઓમાં ઉદ્યોગસાહસિક કૌશલ્યોનો વિકાસ કરવા માટે યોજાયેલા આ કાર્યક્રમમાં ભારતભરની ૫,૭૯૬ મહિલા આંત્રપ્રિન્યોરને જાગૃત કરવામાં આવી હતી. આ મેગા કાર્યક્રમના સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી તેમજ અતિથિ વિશેષ તરીકે રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ રેખા શર્મા ઉપસ્થિતિ રહ્યા હતા. આ ઉપરાંત ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લા પર હાજર રહ્યા હતા. આ પ્રોજેક્ટ રાષ્ટ્રીય મહિલા આયોગ (એનસીડબ્લ્યૂ) ના સમર્થન અને સહયોગથી શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટને ૨ જૂન, ૨૦૨૩ના રોજ ઉજ્જૈનમાં લોન્ચ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે હાજર રહેલા ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, 'મહિલા ઉદ્યોગ સાહસિકો માટે અનુકૂળ વાતાવરણ આપણા દેશના વિકાસ માટે નિર્ણાયક છે. મહિલાઓનું સશક્તીકરણ માત્ર આપણા સમાજની કરોડરજ્જુને મજબૂત બનાવે છે એટલું જ નહીં પરંતુ સંતુલિત વિકાસની પણ ખાતરી આપે છે.'

આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ પ્રોગ્રામમાં ભાગ લેનારી મહિલાઓને કારકિર્દીના રૂપમાં આંત્રપ્રિન્યોશિપ અપનાવવાના ફાયદાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. સંભવિત મહિલા ઉદ્યોગસાહસિકોને સ્થાપિત ઉદ્યોગ સાહસિકો, સરકારી અધિકારીઓ, બેંકર્સ, માર્ગદર્શકો અને સંશોધકોની સાથે વાતચીત કરીને નેટવર્કિંગની તકો પણ પ્રદાન કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ૩૫ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૦૦ આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ પ્રોગ્રામ્સ દ્વારા ૫,૭૯૬ સંભવિત મહિલા ઉદ્યોગસાહસિકોને સંવેદનશીલ બનાવવામાં આવી છે.




### આ પ્રોગ્રામમાં દેશની ૫,૭૯૬ મહિલાઓ જોડાઈ

અમે સફળતા પૂર્વક ૧૦૦ આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ પ્રોગ્રામ્સ પૂર્ણ કર્યા છે, જેમાં દેશના વિભિન્ન ક્ષેત્રોની ૫,૭૯૬ મહિલાઓને પોતાની અણુ ઉપયોગી ક્ષમતાનો અહેસાસ કરવામાં મદદ મળી છે. પ્રતિસાદ પ્રોત્સાહક રહ્યો છે, જેમાં મહિલાઓ પોતાની ક્ષમતાઓને સ્વીકારે છે. એટલું જ નહીં, તેમના સાહસો શરૂ કરવાની તેમની યોજનાઓ સાથે આગળ વધવાનો આત્મવિશ્વાસ પણ દેખાડ્યો છે. મને વિશ્વાસ છે કે, સફળ ઉદ્યોગસાહસિક તરીકે મહિલાઓ મોટી સંખ્યામાં ઉભરી આવશે અને તેને અનુસરવા માટે ઇડીઆઇઆઇનો સહયોગ મહત્ત્વપૂર્ણ રહ્યો છે.

-રેખા શર્મા, ચેરપર્સન, રાષ્ટ્રીય મહિલા આયોગ